DOCUMENT RESUME

ED 479 410 PS 031 492

TITLE	A Parent's Guide to Achievement Matters Most: Maryland's Plan for Pre-K-12 Education, 2002-2003. (Gujarati).
INSTITUTION	Maryland State Dept. of Education, Baltimore.
PUB DATE	2003-00-00
NOTE	18p.; For English version, see PS 031 489.
AVAILABLE FROM	Maryland State Department of Education, 200 West Baltimore Street, Baltimore, MD 21201-2595. Tel: 888-246-0016 (Toll Free); Tel: 410-767-0600; Fax: 410-333-2275; Web site: http://www.msde.state.md.us. For full text: http://www.msde.state.md.us/ translations.htm.
PUB TYPE	Guides - Non-Classroom (055)
LANGUAGE	Guarijio
EDRS PRICE	EDRS Price MF01/PC01 Plus Postage.
DESCRIPTORS	Academic Achievement; Change Strategies; Educational Change; *Educational Improvement; *Educational Objectives; Elementary School Curriculum; *Elementary Secondary Education; Gujarati; *Parent Participation; Secondary School Curriculum; *State Standards; *Student Improvement
IDENTIFIERS	*Maryland

ABSTRACT

To raise the achievement of every student in the state, Maryland implemented "Achievement Matters Most," a new plan for public elementary and secondary schools that sets goals in the areas of achievement, teaching, testing, safety, and family involvement in schools. This Gujarati-language guide for parents outlines the goals and characteristics of the initiative, and how progress will be assessed. The guide first highlights five simple but challenging goals for Maryland public education: (1) achievement will improve for each student; (2) curriculum, instruction, and testing will be better aligned and understandable; (3) all educators will have the skills to improve student achievement; (4) all schools will be safe, drug-free, and conducive to learning; and (5) parents and legal guardians will be involved in education. Next, the guide outlines several ways the state encourages high expectations and helps schools to improve, including a new voluntary, state curriculum; grades given to schools based on how well they teach; school improvement teams for each school; financial rewards and public recognition for schools making strong improvements; and a state family involvement policy. The state-wide curriculum is then detailed, including how it will differ from the Maryland Content Standards. Next, the state's two testing programs are highlighted, one for elementary and one for high school; sample questions from both tests are included, as is information on assessment of students with special needs and/or limited English proficiency. In the area of the state's family involvement policy, the guide outlines signs that families and educators are communicating and working together in a particular school: schools and families communicate regularly; parents play a role in helping students learn; parents are welcome in the school, and their help is appreciated; and parents are included in making decisions that affect their children. Finally, the guide offers suggestions for parents to encourage their child's achievement, such as setting high expectations, talking with the child's teacher(s) regularly, dedicating 15 minutes daily to talking with the child, helping with homework, and meeting with high school counselors to talk about post-high school opportunities. (HTH)

Reproductions supplied by EDRS are the best that can be made from the original document.

PS PSTC 0270

ED 479 410

PS 031 692

BEST COPY AVAILABLE

2

U.S. DEPARTMENT OF EDUCATION
Office of Educational Research and Improvement
EDUCATIONAL RESOURCES INFORMATION CENTER (ERIC)

This document has been reproduced as received from the person or organization originating it.

Minor changes have been made to improve reproduction quality.

Points of view or opinions stated in this document do not necessarily represent official OERI position or policy.

PERMISSION TO REPRODUCE AND DISSEMINATE THIS MATERIAL HAS BEEN GRANTED BY

Challis Breithaupt

TO THE EDUCATIONAL RESOURCES INFORMATION CENTER (ERIC)

1

2002-2003

MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
Achievement Matters Most

સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા

K-12 પૂર્વેના શિક્ષણ માટે મેરિલેન્ડની યોજના

મેરિલેન્ડ સ્ટેટ બોર્ડ ઓફ એડ્યુકેશન

Marilyn D. Maultsby
પ્રમુખ

Reginald L. Dunn
ઉપપ્રમુખ

Jo Ann T. Bell
Philip S. Benzil
Dunbar Brooks
Clarence A. Hawkins
Walter S. Levin
Karabelle Pizzigati
Edward L. Root
Walter Sondheim, Jr.
John L. Wisthoff
Caroline Gifford (વિદ્યાર્થી સભ્ય)

Nancy S. Grasmick
બોર્ડના મંત્રી-ખજાનચી
શાળાઓના રાજ્યસ્તરના મુખ્ય નિરીક્ષક

MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
શાળા અને સમુદાયની પહોંચ માટેની ઓફિસ
Ronald Peiffer, રાજ્યસ્તરના સહાયક મુખ્ય નિરીક્ષક
200 West Baltimore Street • Baltimore, Maryland 21201-2595
ફોન: 410-767-0600/888-246-0016 • ફેકસ 410-333-2275
www.marylandpublicschools.org

મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન નોકરી કે કાર્યક્રમોમાં ભાગ લેવાને અસર કરતી બાબતોમાં જાત, રંગ, જાતિ, વય, મુળ દેશ, ધર્મ કે અસમર્થતાના આધાર પર ભેદભાવ નથી કરતો. વિભાગની નીતિઓ સંબંધિત વધુ માહિતી માટે, કૃપા કરીને અહીં સંપર્ક કરો:

ઉકિવટે અસ્પીરન્સ એન્ડ કપલાયન્સ ઓફિસ
Maryland State Department of Education
200 West Baltimore Street
Baltimore, MD 21201-2595
ફોન 410-767-0433 TTY/TDD 410-333-6442
ફેકસ 410-767-0431

અનુક્રમણિકા

મેરિલેન્ડના સાર્વજનિક શિક્ષણમાં ફેરબદલી 2

સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે 4

ઉચ્ચ અપેક્ષાઓ 6

અભ્યાસક્રમ 8

પ્રગતિને માપવી 10
- મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ 10
- મેરિલેન્ડ હાઇ સ્કૂલ અસેસમેન્ટ 16

વિશેષ જરૂરિયાતો કે સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓની પરીક્ષા 21

જવાબદારી 22

કુટુંબને સામેલ કરવું 24

સિદ્ધિ માટે પ્રોત્સાહન આપવું 26

વધુ માહિતી માટે 28

મેરિલેન્ડના સાર્વજનિક શિક્ષણમાં ફેરબદલી

એક વાલી તરીકે, તમને તમારા બાળકો માટે જે શ્રેષ્ઠ હોય એ જોઇએ છે. આમાં પ્રથમ રોજીના શિક્ષણનો પણ સમાવેશ થાય છે, જે એમને ભવિષ્ય માટે તૈયાર કરશે. મેરિલેન્ડ રાજ્યને પણ, બાળકો માટે જે શ્રેષ્ઠ છે એ જોઇએ છે.

દરેક વિદ્યાર્થીના સિદ્ધિના સ્તરને ઉંચું લાવવા, મેરિલેન્ડે **સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે,** નો સ્વીકાર કરી, જે સાર્વજનિક શાળાઓ માટેની નવી યોજના છે જેમાં સિદ્ધિ, શિક્ષણ આપવા, પરીક્ષા લેવા, સુરક્ષા અને શાળાઓમાં કુટુંબને સામેલ કરવા વગેરે ક્ષેત્રો વિશેના ધ્યેયો નક્કી કરવામાં આવ્યા છે. સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે એ વિઝનરી પેનલ ફોર બેટર સ્કૂલ્સના કામ પર આધારિત છે અને એમાં 2001ના 'નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ' કાયદાની અને 'બ્રીજ ટુ એકસીલન્સ ઇન પબ્લિક સ્કૂલ્સ' કાયદાની જરૂરિયાતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

'વિઝનરી પેનલ ફોર બેટર સ્કૂલ્સ' વાલીઓ, શિક્ષકો, વકીલવર્ગકર્તાઓ, કોલેજના શિક્ષકો, નીતિ ઘડનારાઓ, અને મેરિલેન્ડના શાળા સુધારણાના પ્રયત્નોની સમીક્ષા કરનારા અને સુધારા માટેની ભલામણો કરનારા રાષ્ટ્રીય શૈક્ષણિક વિશેષજ્ઞોનું જૂથ હતું. શાળાઓના રાજ્યસ્તરના મુખ્ય નિરીક્ષક નેન્સી ગ્રાસ્મિકે મેરિલેન્ડ શાળામાં સુધારાનો નવો દાયકો શરૂ કરવાની યોજનામાં તેજીને મદદ કરવા પેનલના સભ્યોને ભેગા કર્યા. તેઓની ભલામણો 'સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે' નો મુખ્ય આધાર છે.

'નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ' કાયદો યુ.એસ. કોંગ્રેસ દ્વારા જાન્યુઆરી 8, 2002 ના રોજ પસાર કરી હસ્તાક્ષરિત કરવામાં આવ્યો હતો. આ કાયદા હેઠળ રાજ્યો માટે માનકો વિકસાવવા અને તેના તરફની વિદ્યાર્થીઓની પ્રગતિ માપવી, શાળાઓ પરના 'રિપોર્ટ કાર્ડ' પ્રકાશિત કરવા, શિક્ષકો ઉચ્ચ યોગ્યતા પ્રાપ્ત હોય એની ખાતરી કરવી, અને શાળાઓ

સુરક્ષિત ન હોય કે પ્રગતિ સાધતી ન હોય તો તેમની સામે પગલાં ભરવા વગેરે જરૂરિયાતો છે. મેરિલેન્ડે આ બધું થોડાં વર્ષોથી કર્યું છે. પરંતુ, નવો કાયદો મેરિલેન્ડને સુધારા માટે રાષ્ટ્રીય માર્ગદર્શન અને સમયમર્યાદા દે છે.

'બ્રીજ ટુ એકસીલન્સ ઇન પબ્લિક સ્કૂલ્સ' કાયદો મેરિલેન્ડ જનરલ એસેમ્બલીમાં વસંત 2002માં પસાર કરાયો હતો. આ કાયદો સાર્વજનિક શાળાઓ માટેની નાણાંકીય સહાયતા વધારે છે, વિશેષ શૈક્ષણિક જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓ માટે નાણાંકીય સહાયનું પ્રમાણ વધારે છે, અને પૈસા કેવી રીતે વપરાય છે એ માટે શાળાકીય પદ્ધતિને વધુ છૂટ આપે છે. આ નાણાંકીય સહાયના બદલામાં, દરેક શાળાકીય પદ્ધતિએ તેના બધાં જ વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર સુધારવા માટે યોજના વિકસાવવી અનિવાર્ય છે. શાળાકીય પદ્ધતિઓએ બધા બાળકો માટે પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટન કાર્યક્રમો અને ઓછી આવકવાળા કુટુંબો માટે કિન્ડરગાર્ટન-પૂર્વેના કાર્યક્રમો સ્થાપવા અનિવાર્ય છે.

મેરિલેન્ડ રાજ્ય પણ,
બાળકો માટે
શ્રેષ્ઠ ઇચ્છે છે.



સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે

'સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે' મેરિલેન્ડ સાર્વજનિક શિક્ષણ માટે પાંચ સરળ પણ પડકાર રૂપ ધ્યેયો સ્થાપે છે.

ધ્યેય 1: દરેક વિદ્યાર્થીની સિદ્ધિમાં સુધારો આવશે. કોઇપણ શૈક્ષણિક યોજના કે નીતિનો ધ્યેય વિદ્યાર્થીની સિદ્ધિ સુધારવાનો છે. પણ મેરિલેન્ડને અલગ તારવનારું છે, દરેક વિદ્યાર્થી પર અપાતું ધ્યાન. મેરિલેન્ડ વિવિધ જાતો અને વંશો, કૌટુંબિક આવકો, પ્રાદેશિક ભાષા કે અસમર્થતા ધરાવતા વિદ્યાર્થીઓની કામગીરી વચ્ચેના અવકાશને દૂર કરવા બાબતે ગંભીર છે. બધા વિદ્યાર્થીઓ સિદ્ધિ પ્રાપ્ત કરે એની ખાતરી કરવા, શાળાઓ પાસે જાત/વંશ, જાતિ અસમર્થતા, ગરીબી દરજ્જો, પરદેશી વસાહતીનો દરજ્જો, કે સિમીત અંગ્રેજી કૌશલ્યને ધ્યાનમાં લીધા વિના બધા જ વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ દર્શાવવાની અપેક્ષા રખાઇ છે. નિમ્નલિખિત બધા ધ્યેયો આ ધ્યેયની સફળતા માટે સહાય કરે છે.

ધ્યેય 2: અભ્યાસક્રમ, સૂચના અને પરીક્ષા વધુ સારી રીતે ગોઠવાશે અને સમજી શકાશે. અભ્યાસક્રમ, સૂચના, અને પરીક્ષા શિક્ષણની ઇમારત માટે પાયારૂપ છે. આ ત્રણ વચ્ચેનો સંબંધ, કે ગોઠવણી, ખૂબ જ અગત્યની છે. દરેક ગ્રેડમાં, દરેક વિષયમાં કયા વિષય અને આવડતો શીખવવી એ સ્પષ્ટ કરવા મેરીલેન્ડ નવો અભ્યાસક્રમ વિકસાવી રહ્યું છે. અભ્યાસક્રમના વિષય અને આવડતો વિદ્યાર્થીએ કેટલી સારી રીતે શીખ્યા છે એ મેરિલેન્ડની પરીક્ષા માપશે. પરીક્ષાના પરિણામો શિક્ષકોને વિદ્યાર્થીઓની શક્તિ અને નબળાઇ ઓળખવામાં અને સૂચના સુધારવામાં ઉપયોગી થઇ પડશે. પરિણામો વાલીઓને પણ તેમના બાળકોની શૈક્ષણિક કામગીરીનું સ્પષ્ટ ચિત્રણ કરે છે.

ધ્યેય 3: શિક્ષણ આપનાર દરેક વ્યક્તિ પાસે વિદ્યાર્થીની સિદ્ધિ સુધારવા જરૂરી આવડતો હશે. જો વિદ્યાર્થીઓને ઉચ્ચ માનકો સર કરવા હશે, તો તેઓને એવા કુશળ શિક્ષકો જોઇશે જેઓ અભ્યાસક્રમને પૂરેપૂરો સમજતા હોય અને એ કેવી રીતે શીખવવો એ જાણતા હોય. મેરિલેન્ડે વર્ગ માટે શ્રેષ્ઠ ઉમેદવારો નોકરીએ રાખવા પડશે અને તેમને આ વ્યવસાયમાં ટકી રહેવા કારણો આપવા પડશે. આ નવા શિક્ષકોને સહાયતા અને માર્ગદર્શન જોઇએ છે, દરેક શિક્ષકને નિરંતર તાલીમ અને પાઠોની યોજના કરવા માટે સમય જોઇએ છે. અને દરેક શાળાને ઉચ્ચ યોગ્યતા પ્રાપ્ત પ્રિન્સિપાલનું નેતૃત્વ જોઇએ છે.

ધ્યેય 4: બધી શાળાઓ સુરક્ષિત, ડ્રગ-રક્ષિત અને શિક્ષણ માટે સવાહક હશે. બધા વિદ્યાર્થીઓને તેઓ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે એવી શાળાઓમાં ભણવાનો અધિકાર છે. આનો અર્થ એ છે કે શાળાઓએ શિક્ષણ માટે સુરક્ષિત, સ્વસ્થ વાતાવરણ ઉભું કરવું જોઇએ. શાળાકીય હિંસા અને આતંકવાદીઓના હુમલાઓને ધ્યાનમાં લઇને મેરિલેન્ડની શાળાઓએ સુરક્ષાને પ્રાથમિક મહત્વ આપ્યું છે. મેરિલેન્ડની બધી શાળાઓએ સુરક્ષા વધારવા અને ઠેરાનગતિ અને મરકી ઘટાડવા રચાયેલા રાજ્યના નિયંત્રણો પાળવા અનિવાર્ય છે. અને દરેક શાળા પાસે સ્થાનિક શાળા પદ્ધતિ યોજના આધારિત સુરક્ષા યોજના અને આચારસંહિતા છે. તમારા બાળકની શાળાનો તેમની સુરક્ષા નીતિઓ અને શિસ્તના ધોરણો વિશે ચર્ચા કરવા સંપર્ક કરો.

ધ્યેય 5: શિક્ષણમાં વાલીઓ અને કાનૂની પાલકોને સામેલ કરવામાં આવશે. એક વાલી કે કાનૂની પાલક તરીકે કદાચ તમે જાણતા હશો, કે જે બાળકોનું કુટુંબ શાળામાં ભાગ લે છે તેઓ ઉચ્ચ ગ્રેડ મેળવે છે, સારી વર્તણુંક દાખવે છે, અને ઉચ્ચ માધ્યમિક શાળામાંથી સ્નાતક થઇને તેમનું શિક્ષણ ચાલુ રાખવાની સંભાવના વધુ હોય છે. વાલીઓનો સમાવેશ શિક્ષકોની ભૌંશ વધારે છે, અને કુટુંબો અને સમુદાયને એકબીજાની નજીક લાવે છે. શાળા અને ઘર વચ્ચે, નિયમિત બે તરફની વાતચીત અગત્યની છે. વાલીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા માટે, શાળાઓએ કુટુંબો સાથે અવારનવાર, સ્પષ્ટ રીતે, અને અર્થપૂર્ણ વાતચીત કરવી જોઇએ, અને તેમના બાળકોને અસર કરતા નિર્ણયોમાં તેમના મંતવ્યો પૂછવા જોઇએ.

ઉચ્ચ અપેક્ષાઓ

જો બધા બાળકોને સફળતા માટે સમાન તક આપવી હોય, તો શાળાઓએ બધા વિદ્યાર્થીઓ પાસે ઉચ્ચ અપેક્ષા રાખવી પડશે. અહીં નીચે અમુક માર્ગો દર્શાવ્યા છે જેના દ્વારા મેરિલેન્ડ ઉચ્ચ અપેક્ષાઓને પ્રોત્સાહિત કરે છે અને બધા વિદ્યાર્થીઓના વિકાસ માટે શાળાઓને મદદ કરે છે.

□ **એક નવો સ્પેશ્ચિક રાજ્યસ્તરનો અભ્યાસક્રમ** શિક્ષકો અને વાલીઓ માટે એ સ્પષ્ટ કરશે કે વિદ્યાર્થીઓએ દરેક ગ્રેડ અને વિષયમાં શું શીખવું જોઇએ.

□ **શાળાઓ વિદ્યાર્થીઓને કેટલી સારી રીતે શીખાવે છે એના મુજબ ગ્રેડ મેળવે છે.** આ "ગ્રેડ" નો આધાર વિદ્યાર્થીની પરીક્ષાઓ, જેમાં મૂળભૂત અને ઉચ્ચ કક્ષાની આવડતો માપવામાં આવે છે, તેમ જ હાજરી અને સ્નાતક કે શાળા છોડવાના દરના પ્રમાણ પર હોય છે.

□ **શાળાની કામગીરી દર વર્ષે એક વાર્ષિક રિપોર્ટ કાર્ડમાં અહેવાલ પ્રકાશિત કરવામાં આવે છે** (મેરિલેન્ડ સ્કૂલ પર્ફોમન્સ રિપોર્ટ) જેથી વાલીઓ અને સમુદાય તેમની શાળાઓ કેટલી સારી કામગીરી કરે છે એ જાણી શકે. તમારા બાળકની શાળા તમને અહેવાલની એક પ્રત આપશે. આ ઉપરાંત એ www.msp.msde.state.md.us વેબ સાઈટ પર પણ ઉપલબ્ધ છે.

□ **દરેક શાળામાં એક શાળા સુધારણા માટેનું જૂથ હોય છે** જે વિદ્યાર્થીઓનું શિક્ષણ સુધારવાનું કામ કરે છે. આ જૂથ શિક્ષકો, વાલીઓ, અને સમુદાયના સભ્યોનું બનેલું હોય છે, જેઓ શાળાની કામગીરીનો વાદીનો અભ્યાસ કરે છે અને સૂચનામાં સુધારણા માટે સલાહ આપે છે.

□ **જો કોઇ શાળાની કામગીરી ખરાબ જણાય, તો રાજ્ય શાળામાં** પુનઃરચના નામની પ્રક્રિયા હેઠળ **સામેલ થઇ શકે છે.** પુનઃરચના હેઠળની શાળાઓ વધારાની સાધન-સંપત્તિ અને ધ્યાન મેળવે છે જેથી સૂચના સુધારી શકાય. આ ઉપરાંત કેરલના ટાઇટલ I કાર્યક્રમનો

ભાગ હોય એવી ઓછી કામગીરી વાળી શાળાઓને વિદ્યાર્થીઓને એ ક્ષેત્રની ઉચ્ચ કામગીરી બજાવતી શાળાઓમાં ફેરબદલી માટે મંજૂરી આપવી પડે છે અથવા વિદ્યાર્થીઓને ટયૂટરીંગ જેવી વધારાની મદદ પૂરી પાડવી પડે છે.

□ જે શાળાઓ બધી જૂથના વિદ્યાર્થીઓની કામગીરીમાં ઉલ્લેખનીય સુધારો લાવે તેમને કદાચ **નાણાકીય ઇનામ અને જાહેર માન્યતા** આપવામાં આવે.

□ **રાજ્યની કુટુંબને સામેલ કરવાની નીતિ** શાળાના નેતાઓ, કુટુંબો, અને સમુદાયને સાથે મળીને કામ કરવા અને બાળકોના શિક્ષણની જવાબદારીમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે.

કવે પછીના પાનાઓમાં શાળાઓને 'સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે' ના ધ્યેયો પૂરા કરવામાં મેરિલેન્ડ કેવી રીતે મદદ કરી રહ્યું છે એ સમજાવવામાં આવ્યું છે. તમે તમારા બાળકના શિક્ષણમાં કેવી રીતે ભાગ લઇ શકો છો એના માટેના સલાહ-સૂચનો પણ આપવામાં આવ્યા છે. *સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા* વાંચ્યા બાદ તમે કદાચ તમારા બાળકના શિક્ષક કે પ્રિન્સિપાલ સાથે વિદ્યાર્થીની સિદ્ધિ વધારવા માટે શાળા શું કરી રહી છે અને તમે એમાં મદદ કરવા શું કરી શકો છો એ વિશે વાતચીત કરવાનો ઇરાદા રાખી શકો છો.

અભ્યાસક્રમ

મેરિલેન્ડ એક સ્વૈચ્છિક રાજ્ય સ્તરનો અભ્યાસક્રમ વિકસાવવાની પ્રક્રિયામાં છે.

અભ્યાસક્રમ એટલે શું?

અભ્યાસક્રમ એક દસ્તાવેજ છે જે દરેક વિષય અને ગ્રેડમાં વિદ્યાર્થીઓએ શું શીખવું જોઇએ એનું વિવરણ આપે છે. એ શિક્ષકોને તેમના પાઠોની યોજના બનાવવામાં મદદ કરે છે અને શાળાઓને સુધારવા માટેનું એક અગત્યનું પગલું છે. પરંપરાગત રીતે, મેરિલેન્ડની દરેક 24 સ્થાનિક શાળા પદ્ધતિઓ મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટેન્ડર્ડસ (મેરિલેન્ડ વિષય માનકો) પર આધારિત, જેમાં વિદ્યાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શું શીખવું જોઇએ તેનું સવિસ્તાર વર્ણન છે, સ્વયં પોતાના અભ્યાસક્રમ બનાવે છે.

શા માટે રાજ્યસ્તરનો અભ્યાસક્રમ બનાવવો?

શાળા પદ્ધતિઓમાં શું અને કયારે શીખવવામાં આવે છે એ બાબતોમાં ભેદભાવ છે. શિક્ષકોને શું શીખવવું એ સમજવામાં મદદ કરવા, મેરિલેન્ડ એક સ્વૈચ્છિક રાજ્યસ્તરનો અભ્યાસક્રમ વિકસાવી રહ્યું છે. આ અભ્યાસક્રમ સ્થાનિક શાળા પદ્ધતિઓ દ્વારા જુદા 24 અભ્યાસક્રમો બનાવવામાં થતાં સમય અને પૈસાના ખર્ચને પણ ઓછો કરવામાં મદદ કરશે.

શા માટે રાજ્યસ્તરનો અભ્યાસક્રમ જરૂરી ન હોઇને સ્વૈચ્છિક હશે?

અભ્યાસક્રમ વિશેના નિર્ણયો સ્થાનિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવે છે, રાજ્ય દ્વારા નહિ. નવો મેરિલેન્ડ અભ્યાસક્રમ દરેક શાળા પદ્ધતિઓને તેમના પોતાના અભ્યાસક્રમ તરીકે અપનાવવા કે માર્ગદર્શક તરીકે ઉપલબ્ધ કરાવવામાં આવશે. અભ્યાસક્રમ અપનાવવો જરૂરી નહિ હોય.

સ્વૈચ્છિક રાજ્યસ્તરનો અભ્યાસક્રમ મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટેન્ડર્ડસથી કઇ રીતે અલગ હશે?

મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટેન્ડર્ડસ વિદ્યાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શું ભણવું જોઇએ એના વિશે સવિસ્તાર વર્ણન પૂરાવે છે. રાજ્યસ્તરની બધી પરીક્ષાઓ મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટેન્ડર્ડસને આધારિત હોય છે. પરંતુ મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટેન્ડર્ડસ દરેક ગ્રેડમાં શું શીખવવું જોઇએ એનું વર્ણન નથી કરતા. મેરિલેન્ડનો રાજ્યસ્તરનો અભ્યાસક્રમ વિષય માનકો કરતા વધુ વિશિષ્ટ

BEST COPY AVAILABLE

હશે, અભ્યાસક્રમ દર્શાવશે કે દરેક વિષયમાં (અંગ્રેજી/ભાષા, કલા, ગણિત, વિજ્ઞાન, સામાજિક અભ્યાસ, ફાઇન આર્ટસ, સ્વાસ્થ્ય, શારીરિક શિક્ષણ અને વિદેશી ભાષા) દરેક ગ્રેડ માટે શું શીખવવું.

અભ્યાસક્રમ કેવો દેખાશે?

મેરિલેન્ડના સ્વૈચ્છિક અભ્યાસક્રમમાં વિગતો ત્રણ સ્તરોમાં હશે: વિષય માનકો, નિદર્શન કરનારા, અને હેતુઓ. આ વિગતો શિક્ષકોને વિદ્યાર્થીઓ માટે પાઠો, પ્રવૃત્તિઓ અને કાર્યોની યોજના કરવામાં મદદ કરશે. નીચે અભ્યાસક્રમનો એક નાનો ભાગ કેવો દેખાશે એ બતાવ્યું છે. આ વિશિષ્ટ ઉદાહરણ અનેક ગણિતીક આવડતોમાંની એક આવડત દર્શાવે છે: પૈસા કેવી રીતે ગણવા.

ગ્રેડ 3 ગણિત

- વિષય માનક: ક્રમાંકના સંબંધ અને ગણતરીની જાણકારી
  - દર્શાવનાર: વિદ્યાર્થીઓ $100 સુધીના પૈસાના મૂલ્યનું આલેખન કરશે, નક્કી કરશે, અને તેમની વચ્ચે તુલના કરશે.
    - હેતુ: સિક્કા અને નોટોની ભેળસેળમાં વિદ્યાર્થીઓ $100 સુધીના પુરૂ ગણશે.

અભ્યાસક્રમ કયારે તૈયાર થઇ જશે?

મેરિલેન્ડનો સ્વૈચ્છિક રાજ્યસ્તરનો અભ્યાસક્રમ હાલમાં વિકસી રહ્યો છે. અને કદાચ સ્પ્રિંગ 2003ના અંત સુધીમાં (K-8 પૂર્વેની ગ્રેડ માટે) તૈયાર થઇ જશે. અભ્યાસક્રમ જ્યારે પૂરેપૂરો તૈયાર થઇ જશે ત્યારે એ મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ અને મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટ જેવી રાજ્યસ્તરની પરીક્ષાઓને સમાન બનશે. સ્વૈચ્છિક કાર્યક્રમના વિકાસની તાજેતરની માહિતી માટે મેરિલેન્ડ શિક્ષણ વિભાગની વેબ સાઇટ www.marylandpublicschools.org જુઓ.

પ્રગતિ માપવી

વિદ્યાર્થીઓ કેટલું સારું ભણી રહ્યા છે એ જાણવા શાળાઓ પરીક્ષા લેશે. પરીક્ષાના ગુણાંકો પ્રિન્સિપાલ અને શિક્ષકોને સૂચના સુધારવા અને શાળાના કાર્યક્રમોની યોજના કરવામાં મદદ કરે છે. પોતાના વ્યક્તિગત ટેસ્ટ ગુણાંકો શિક્ષકો અને વાલીઓને વિદ્યાર્થીઓની અધ્યયન વિશે કુશલતાઓ અને કમજોરીઓ સમજવામાં મદદ કરશે. તમારા બાળકની શાળા તમને જણાવશે કે તે કે તેણી કઇ પરીક્ષાઓ દેશે. પરીક્ષાના બે કાર્યક્રમો છે: મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ અને મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટસ.

મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ

મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ (મેરિલેન્ડ શાળાની આકારણી) શું છે?

- મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ (MSA) વાંચન અને ગણિતીક સિદ્ધિની પરીક્ષા છે જે મેરિલેન્ડ સ્કૂલ પર્ફોમન્સ અસેસમેન્ટ (MSPAP) ના સ્થાને દાખલ થઇ છે. 2005 સુધીમાં MSA વિજ્ઞાનમાં સિદ્ધિ પણ માપશે.
- MSA કેડરલના 'નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ' (કોઇ બાળક પાછળ ન રહે) કાયદા માટેની જરૂરિયાતો પૂરી પાડશે.
- તે મૂળભૂત અને ઉચ્ચ આવડતો માપશે.
- પરીક્ષા પૂરી કરવા વિદ્યાર્થીઓ એકલાજ કાર્ય કરશે, જૂથમાં નહિ.
- પરીક્ષામાં બહુવૈકલ્પિક સવાલો અને લેખિત જવાબો માંગતા સવાલોનો સમાવેશ થશે.

MSA ક્યારે આપવામાં આવશે?

મેરિલેન્ડ પ્રથમ વારની MSA માર્ચ 2003માં, 3, 5 અને 8 ગ્રેડમાં વાંચન અને ગણિતમાં, અને ગ્રેડ 10માં વાંચનમાં આપશે. માર્ચ 2004માં, ગ્રેડ 3 થી 8 સુધી વાંચન અને ગણિત, અને ગ્રેડ 10માં વાંચનમાં પરીક્ષા લેવામાં આવશે. માર્ચ 2005 સુધીમાં 3, 5 અને 8માં વિજ્ઞાન વિષય ઉમેરવામાં આવશે. ઉચ્ચ માધ્યમિક શાળામાં ગણિત અને વિજ્ઞાનની પરીક્ષા લેવાની ફેડરલ જરૂરિયાત મેરિલેન્ડની ભૂમિતિ અને જીવશાસ્ત્રની હાઇસ્કૂલ અસેસમેન્ટ દ્વારા પૂરી પાડવામાં આવશે. આ ઉચ્ચ માધ્યમિક શાળાની પરીક્ષાઓ વિશે વધુ માહિતી માટે પૃષ્ઠ 16 જૂઓ.

શું હું મારા બાળક માટેના MSA ગુણાંકો મેળવી શકીશ?

હા. ગુણાંકો બે બાબતો દર્શાવશે: વિષય વસ્તુ તમારું બાળક કેટલી સારી રીતે શીખ્યું, અને રાષ્ટ્રીય સ્તરે બીજા બાળકોની તુલનામાં તમારા બાળકે કેવી કામગીરી કરી. એકલા MSA ગુણાંકો તમારા બાળકની શૈક્ષણિક કામગીરીનું માત્ર આંશિક ચિત્ર જ દર્શાવે છે. પરંતુ તમારા બાળકના વર્ગકામ, ઘરકામ, અને બીજી પરીક્ષાઓના ગુણાંકો સાથે MSA પરિણામો તમારા બાળકની કામગીરી વિશે સારું એકંદર ચિત્ર આપશે.

મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટ પરીક્ષાના સવાલોના નમૂના

મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટમાં પૂછાઇ શકાય એવા પ્રકારના સવાલોના અહીં ઉદાહરણો આપવામાં આવ્યા છે. પરીક્ષાના સવાલોના વધુ નમૂના ઇન્ટરનેટ પર www.marylandpublicschools.org વેબસાઇટ પર મુકવામાં આવશે.

નમૂના પ્રશ્ન – ગ્રેડ 3 ગણિત

સૂચના: તમારા જવાબને મળતા કુંડાળાને પેન્સિલ કરો.

ડરિયાને એના ખિસ્સામાં અમુક સિક્કા મળ્યા. નીચે આપેલા સિક્કા જુઓ.



ડરિયાને તેમીના ખિસ્સામાંથી કેટલા પૈસા મળ્યા?

વિદ્યાર્થીનો જવાબ:

- ○ A $.92
- ○ C $.41
- ● B $1.02
- ○ D $.42

BEST COPY AVAILABLE

નમૂના પ્રશ્ન – ગ્રેડ 5 ગણિત

સૂચના: નીચે આપેલા અપૂર્ણાંકો જુઓ.

$\frac{5}{4}$ $2\frac{1}{2}$ $\frac{13}{8}$

ભાગ A

કમાંકોને ઓછામાં ઓછા થી લઇને સૌથી મોટાના ક્રમમાં ગોઠવો.

વિદ્યાર્થીનો જવાબ:

$\frac{5}{4}$ $\frac{13}{8}$ $2\frac{1}{2}$

ભાગ B

તમારો જવાબ શા માટે સાચો છે એ સમજાવવા તમે અપૂર્ણાંકોની તુલના વિશે જે જાણો છો એનો ઉપયોગ કરો. જવાબ સમજાવવા શબ્દો અને/અથવા કમાંકો વાપરો.

વિદ્યાર્થીનો જવાબ:

મેં પ્રથમ $\frac{5}{4}$ ને $1\frac{2}{8}$ તરીકે બદલ્યો અને પછી $\frac{13}{8}$ ને $1\frac{5}{8}$ તરીકે.

ત્યારબાદ મેં $2\frac{1}{2}$ ને $2\frac{4}{8}$ તરીકે બદલ્યો અને પછી મેં એમને ક્રમમાં

ગોઠવ્યા. $1\frac{2}{8}$ પ્રથમ આવશે કારણકે $\frac{5}{8}$ કરતા $\frac{2}{8}$ ઓછા છે અને

બંને અપૂર્ણાંકો 2 થી ઓછા છે.

નોંધ: વિદ્યાર્થીઓ જવાબ સુધી વિભિન્ન માર્ગે પહોંચી શકે છે.

નિમ્નલિખિત ઉદાહરણો મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટના વાંચન વિભાગના શબ્દ સંગ્રહ પ્રશ્નોના પ્રકારો છે.

નમૂના પ્રશ્ન - ગ્રેડ 3 વાંચન

સૂચના: તમારા જવાબને મળતા કુંડાળાને પેરો કરો.

કુટુંબે પૂરો દિવસ <u>ફીસ્ટ</u> માટે તૈયારી કરી. ફીસ્ટ એટલે—

વિદ્યાર્થીનો જવાબ:

- ● A મોટું જમણ
- ○ B મોટી મુલાકાત
- ○ C મોટી રેસ્ટોરન્ટ
- ○ D મોટો વર્ગ

નમૂના પ્રશ્ન - ગ્રેડ 5 વાંચન

સૂચના: તમારા જવાબને મળતા કુંડાળાને પેરો કરો.

તરેન દાદીમા સાથે વિતાવેલો સમય <u>રેલીશ</u> કરશે. હવે જ્યારે એના દાદીમા ઓઢાપોમાં રહે છે, તેથી તેમને માત્ર ઉનાળા જ મળે છે. રેલીશ એટલે—

વિદ્યાર્થીનો જવાબ:

- ○ A આરામ કરવો
- ● B કદર જાહેરી
- ○ C સમજવું
- ○ D સહાય આપવી

નમૂના પ્રશ્ન - ગ્રેડ 8 વાંચન

સૂચના: તમારા જવાબને મળતા કુંડાળાને પેરો કરો

<u>એન્ટાઇસ</u> એટલે—

વિદ્યાર્થીનો જવાબ:

- ● A આકર્ષિત કરવું
- ○ B આગળ વધવું
- ○ C વાદ-વિવાદ કરવો
- ○ D વખાણવું

BEST COPY AVAILABLE

મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટના અમુક સવાલો લેખિત જવાબ માંગે છે. શિક્ષકો એમને "બનાવેલા-પ્રત્યુત્તરવાળી આઇતો" તરીકે ગણે છે, કારણકે વિદ્યાર્થીઓએ સંભવિત જવાબોને સૂચીમાંથી પસંદ કરવાની જગ્યાએ તેમના જવાબો જાતે જ બનાવવા પડે છે. મેરિલેન્ડ સ્કૂલ અસેસમેન્ટમાં પૂછે. શકાય એવા બનાવેલા-પ્રત્યુત્તરનું ઉદાહરણ નીચે આપ્યું છે.

નમૂના વાંચન - ગ્રેડ 8 વાંચન

નોંધ: આ પ્રશ્નનો જવાબ આપતા પહેલા વિદ્યાર્થીઓ સંપાદક સમક્ષ બે અક્ષરો વાંચશે કે રોઝી કાઇટસ જૂનિયર કાઇસ્કૂલે તેનો મૅસ્કટ "માઇટી મૂલ" બદલવો કે નહિ તે વિશેના બે વિરોધી મંતવ્યો દર્શાવશે. બે અક્ષરો વાંચ્યા બાદ વિદ્યાર્થી બહુ-પસંદગી અને બનાવેલાદપ્રત્યુત્તરવાળા સવાલોની શૃંખલાના જવાબો આપશે. બનાવેલા-પ્રત્યુત્તરનો સવાલ અને જવાબ કેવો દેખાશે એનું ઉદાહરણ નીચે આપવામાં આવ્યું છે.

સૂચના: માગરિટ કાલ્ડવેલનો સંપાદક પરનો પત્ર વાંચો. પછી એન્ટોન લાઝ્સોનો પત્ર વાંચો.

માગરિટ કાલ્ડવેલના પત્રનો સારાંશ લખો. સારાંશમાં મુખ્ય મુદ્દાઓનો સમાવેશ કરી લીધાની ખાતરી કરજો.

વિદ્યાર્થીનો સંભવિત પ્રત્યુત્તર:

અમુક લોકો મૅસ્કટથી છૂટવા માંગતા કેશે, તો પણ માગરિટ કાલ્ડવેલ આશા રાખે છે કે તમે તેની સાથે સહમત થશો. વર્ષો પહેલાં, એક વિદ્યાર્થી એક રમતમાં ખચ્ચર (મૂલ) પર સવાર થઇને આવ્યો અને તેમની ટીમ હારતી હોવા છતાં જીતી ગઇ. તેઓ માગરિટના દાદા હતા, અને એ મૂલ મૅસ્કટ બની ગયો. એ પછી વર્ષોથી મૅસ્કટ તરીકે રહ્યો છે, અને તેથી આશા રાખે છે કે એ બદલવામાં નહિ આવે, કારણકે મૂલ એક સારો ચુકનિષાળ મૅસ્કટ રહ્યો છે.

નોંધ: આ પ્રત્યુત્તર માગરિટ કાલ્ડવેલના પત્રની ઊંડાણપૂર્વકની સમજ દર્શાવે છે, પરંતુ વિવિધ પ્રકારના પ્રત્યુત્તરો સ્વીકારવામાં આવશે.

મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટસ્

મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટસ (મેરિલેન્ડ ઉચ્ચ માધ્યમિક શાળાની આકારણીઓ) શું છે?

મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટસ (HSA) એ અંગ્રેજી 1, બીજગણિત/વિગત વિશ્લેષણ (અલ્જીબ્રા/ડાટા એનાલિસીસ), ભૂમિતિ, સરકાર અને જીવશાસ્ત્ર વિષયોની પરીક્ષાઓ છે. વિદ્યાર્થીઓ દરેક પાઠ્યક્રમ પૂરો કર્યા બાદ તેની પરીક્ષા દેશે. (આમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ જેઓ ઉચ્ચ શાળા સ્તરના પાઠ્યક્રમો લે છે તેમનો પણ સમાવેશ થાય છે.) પરીક્ષાઓ શાળા અને વિદ્યાર્થીની વ્યક્તિગત પ્રગતિ માપે છે અને એમાં બહુ-પસંદગી સવાલો અને લેખિત જવાબો માંગતા સવાલોનો સમાવેશ થાય છે.

શું મારા બાળકે સ્નાતક (ગ્રેજ્યુએટ) થવા HSA માં પાસ થવું અનિવાર્ય છે?

હાલમાં નહિ. **દરેક વિદ્યાર્થીએ HSA આપવી જરૂરી છે, પરંતુ પાસ થવું જરૂરી નથી.** વર્ગેલામાં વર્ગેલું વિદ્યાર્થીઓનું જૂથ જેઓ સ્નાતક થવાની જરૂરિયાત તરીકે HSA આપીને પાસ થવું જરૂરી છે, એ હશે 2007 નો સ્નાતક વર્ગ. કદાચ 2003માં સ્ટેટ બોર્ડ ઓફ એડ્યુકેશન નક્કી કરશે કે સ્નાતક થવા માટે વિદ્યાર્થીઓએ HSAમાં પાસ થવું અનિવાર્ય કરવું કે નહિ.

શું વિદ્યાર્થીઓ તેમની HSA ની કામગીરી માટે જવાબદાર ગણાશે?

હા. વાલીઓ તેમના બાળકો માટે વ્યક્તિગત પરીક્ષાના ગુણાંકો મેળવશે. આ ઉપરાંત, રાજ્યની જરૂરિયાત છે કે સ્થાનિક શાળા પદ્ધતિઓ અંગ્રેજી 1, બીજગણિત/વિગત વિશ્લેષણ, જીવશાસ્ત્ર, અને સરકારના HSA ગુણાંકો, જે વિદ્યાર્થીઓ જૂલાઇ 2001માં કે એ પછી ગ્રેડ 9 માં દાખલ થતા હોય, તેમના ટ્રાન્સ્કિપ્ટ પર છાપે, જેથી તમારું બાળક આ પરીક્ષાઓમાં તેનાથી બનતી બધી કોશિશ કરે. (રાજ્ય દ્વારા ભૂમિતિના HSA ગુણાંકો ટ્રાન્સ્કિપ્ટ પર છાપવું જરૂરી નથી. સ્થાનિક શાળા પદ્ધતિઓ એ નક્કી કરશે કે ભૂમિતિના HSA ગુણાંકોને ટ્રાન્સ્કિપ્ટ પર છાપવા કે નહિ.)

હાલમાં વિદ્યાર્થીઓએ સ્નાતક થવા કઇ પરીક્ષાઓમાં પાસ થવું અનિવાર્ય છે?

હાલમાં વિદ્યાર્થીઓએ વાંચન, લેખન અને ગણિતમાં મેરિલેન્ડ કંસ્ટ્રાનલ ટેસ્ટ આપીને પાસ થવું જરૂરિયાત છે. મેરિલેન્ડ કંસ્ટ્રાનલ ટેસ્ટ મૂળભૂત આવડતો માપે છે અને HSA કરતા ઓછી પડકારરૂપ છે. જો સ્ટેટ બોર્ડ ઓફ એડ્યુકેશન સ્નાતક થવા માટે HSA પાસ કરવી અનિવાર્ય કરશે, તો પછી એ નક્કી કરશે કે મેરિલેન્ડ કંસ્ટ્રાનલ ટેસ્ટ ચાલુ રાખવી કે નહિ.

જો તમને તમારા બાળક શાળામાં કઇ પરીક્ષાઓ આપશે એ વિશે પ્રશ્નો પૂછવા હોય, તો તેના કે તેણીના શિક્ષક કે માર્ગ દર્શક સલાહકાર સાથે વાત કરો. તમે વધુ માહિતી માટે મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશનની વેબસાઇટ, www.marylandpublicschools.org પણ જોઇ શકો છો. શિષ્યવૃત્તિ અને નાણાંકીય સહાય વિશેની માહિતી માટે, મેરિલેન્ડ હાયર એડ્યુકેશન કમિશનની વેબસાઇટ, www.mhec.state.md.us જુઓ, અને તમારા બાળકના માર્ગદર્શક સલાહકાર સાથે વાત કરો.



મેરિલેન્ડ હાઇસ્કૂલ અસેસમેન્ટસ્ પરીક્ષાના નમૂના સવાલો

બીજગણિત/વિગત વિશ્લેષણ આકારણીમાંથી અવતરણો

નીચે આપેલી પરીક્ષાનો વિગતો બીજગણિત/વિગત વિશ્લેષણ આકારણીમાંથી લેવાની છે, જેને જાન્યુઆરી અને મે 2000માં તપાસવામાં આવી હતી. તપાસ દરમિયાન દરેક વિદ્યાર્થીએ કેવી કામગીરી બજાવી એ જોવા mdk12.org/mspp/high_school/look_like જુઓ.

સૂચના:
નીચે આપેલો દાખલો પૂરો કરવા આન્સર બુકમાં આપેલી રિસ્પોન્સ ગ્રીડ વાપરો.

ક્રિયા વાડાના કામ માટે દર કલાકનો $5.50 ભાવ લગાવે છે. તેણી દરેક કામ માટેના પુરવઠા માટે $ 2.00 પણ લગાવે છે. એક જ કામમાં $35.00 કમાવા માટે તેણીને કેટલા કલાક કામ કરવું પડશે?

વિદ્યાર્થીનો જવાબ:



સૂચના: નીચે આપેલો દાખલો આન્સર બુકમાં પૂરો કરો.

બે સાઇકલની દુકાનો ગ્રાહકે બતાવ્યા પ્રમાણે સાઇકલ બનાવે છે. બાઇસિકલ સિટિ $160 નો શુલ્ક ઉપરાંત સાઇકલ બનાવવા જેટલા દિવસ લાગે તે માટે દર દિવસના $80 નો શુલ્ક લગાવે છે. બાઇક ટાઉન સાઇકલ બનાવવા જેટલા દિવસ લાગે તે માટે દર દિવસના $120 લેખે શુલ્ક લે છે.

• દરેક દુકાન માટે x દિવસોમાં સાઇકલ બનાવવા લેવાતો શુલ્ક (C) એક સમીકરણ લખી દર્શાવો.

• કેટલા દિવસો માટે દરેક દુકાનનો શુલ્ક સમાન હશે? તેટલા દિવસો માટેનો શુલ્ક કેટલો હશે? તમારા જવાબને પ્રમાણિત કરવા માટે ગણિત વાપરો. (જો તમે દાખલો ગ્રાહકની સહાયતાથી પૂર્ણ કરો, તો તમારો લેખિત જવાબ ઉમેરવા આન્સર બુકમાં આપેલી ગ્રીડ વાપરો.)

• ગ્રાહકે જણાવ્યા મુજબની સાઇકલ બનાવવા બાઇક ટાઉન કરતા બાઇસિકલ સિટિ કયારે સસ્તી પડશે? કયારે મોંઘી પડશે? તમારા જવાબને પ્રમાણિત કરવા ગણિતનો ઉપયોગ કરો.

વિદ્યાર્થીનો જવાબ:

Bike City
160 + 80x=C
160 + 80(4)=480

Bike Town
120x=C
120(4)=480



4 દિવસે દરેક દુકાનમાં શુલ્ક સમાન હશે $480
વધારે સસ્તી
Bike City
X>4
4 દિવસ પછી લાઇન નીચી છે

વધારે મોંઘી
Bike City
X<4
4 દિવસ પહેલાં લાઇન નીચી છે

નોંધ: વિદ્યાર્થીઓ વિભિન્ન રીતે જવાબ મેળવી શકે છે.

BEST COPY AVAILABLE

સૂચના: તમારો જવાબ દર્શાવવા ઉચિત કુંડાળાને ઘેરો કરો.

નીચેનો કોઠો પુનાઇટેડ સ્ટેટસના એવા કૂતરાઓની સંખ્યા દર્શાવે છે જેઓ અમુક કરતબો કરી શકે છે.

કૂતરાના કરતબ

કરતબ	સંખ્યા (મિલિયનમાં)
બેસવું	5.3
પંજો હલાવે છે	3.8
ગુલાંટ મારે છે	2.9
પાછળના પગે ઉભા રહે છે	1.9
ગીત ગાઈ શકે છે	0.8
છાપું લઈ આવે છ	0.4

સ્ટિવ પાછલા પગે ઉભા રહી શકે અને ગીત ગાઈ શકે એવા કૂતરાઓની કોઠામાં આપેલી સંખ્યા ઉમેરે છે. એ નિષ્કર્ષ પર પહોંચે છે કે પુનાઇટેડ સ્ટેટ્સમાં પાછલા પગે ઉભા રહી શકે અથવા ગાઈ શકે એવા 2.7 મિલિયન કૂતરા છે. શા માટે આ વક્તવ્ય આપેલી વિગતોનો દુરુપયોગ છે?

વિદ્યાર્થીનો જવાબ:

- ○ A સ્ટિવે અમુક કૂતરા કોઈ કરતબ નથી કરી શકતા એ વાત ધ્યાનમાં નહોતી લીધી.
- ○ B સ્ટિવે અમુક કૂતરા માત્ર એક જ કરતબ કરી શકે છે એ વાત ધ્યાનમાં નહોતી લીધી.
- ○ C સ્ટિવે પુનાઇટેડ સ્ટેટસના બધા કૂતરા ગણતરીમાં નથી લીધા
- ● D સ્ટિવે અમુક કૂતરા બંને કરતબ કરી શકે છે એ વાત ધ્યાનમાં નહોતી લીધી.

BEST COPY AVAILABLE

વિશેષ જરૂરિયાતો અને/કે સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓની પરીક્ષા

મેરિલેન્ડના અમુક વિદ્યાર્થીઓની વિશેષ જરૂરિયાતો છે. ઉદાહરણ તરીકે, અસમર્થતા ધરાવતા વિદ્યાર્થીને અને એવી જ રીતે હાલમાં જ અંગ્રેજી ભાષા શીખેલા વિદ્યાર્થીને કદાચ વિશેષ સૂચનાની અને પરીક્ષાની જરૂરિયાત હોઈ શકે છે. મેરિલેન્ડ દરેક વિદ્યાર્થીની સિદ્ધિ સુધારવા કટિબદ્ધ હોવાથી, વિશેષ જરૂરિયાતો અને/કે સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓની પ્રગતિ માપવી ખૂબ અગત્યની છે. બધા વિદ્યાર્થીઓને બધી રાજ્ય સ્તરની પરીક્ષાઓમાં બની શકે તેટલો પૂરેપૂરો ભાગ લેવાનો અને મેરિલેન્ડની જવાબદારી પદ્ધતિનો ભાગ બનવાનો કાનૂની અધિકાર છે. વિદ્યાર્થીઓને તેઓ શું શીખ્યા છે એ દર્શાવવા સૂચના અને પરીક્ષામાં સવલતોનો પણ કાનૂની અધિકાર છે.

જે વિદ્યાર્થીઓ વિશેષ શિક્ષણ સેવાઓ મેળવતા હશે તેઓ બધી રાજ્ય સ્તરની પરીક્ષાઓ આપશે, સિવાય કે તેમનો ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ એડ્યુકેશન પ્રોગ્રામ (IEP) તેઓ ઇન્ડિપેન્ડન્ટ માસ્ટરી અસેસમેન્ટ પ્રોગ્રામ (IMAP) લેશે એમ જણાવતો હોય. IMAP એવા વિદ્યાર્થીઓ માટે રચાયેલી પરીક્ષા છે જેઓ સામાન્ય અભ્યાસક્રમમાં ભાગ નથી લઈ રહ્યા.

જે વિદ્યાર્થીઓ ઇંગ્લિશ એઝ અ સેકન્ડ લેંગ્વેજ (અંગ્રેજી દ્વિતીય ભાષા તરીકે (ESOL) અભ્યક્રમ હેઠળ સૂચના મેળવતા હશે, તેમણે બધી રાજ્ય સ્તરની પરીક્ષાઓમાં ભાગ લેવો અનિવાર્ય છે. સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓના રાજ્યસ્તરની પરીક્ષામાં ભાગ લેવા માટે ઉચિત સવલતો મેળવવા માટે દરેક શાળાની લિમિટેડ ઇંગ્લિશ પ્રોફિશિયન્ટ (LEP) સમિતિ નિર્ણયો લે છે.

રાજ્ય સ્તરની પરીક્ષાઓ માટેની સવલતો એવી જ હશે જેવી વર્ગમાં સૂચના માટે આપવામાં આવે છે અને અસમર્થતાવાળા વિદ્યાર્થી માટેના IEP માં અથવા લાગુ પડતા 504 કે સીમિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓ માટેની યોજનામાં દર્શાવવામાં આવી છે.

જો તમારા બાળકને સીમિત અંગ્રેજી કૌશલ્ય માટે વિશેષ જરૂરિયાતો હોય તો તેના કે તેણી માટેની સૂચના અને પરીક્ષાની યોજના વિશે વધુ જાણવા માટે તમારી શાળાને સંપર્ક કરો.

જવાબદારી

મેરિલેન્ડ સિદ્ધિની વિગતો પ્રકાશિત કરી, પ્રગતિ માટે ઇનામ આપી, અને સુધારો ન થતો હોય તેવી શાળાઓને દંડ ફટકારી શાળા અને શાળા પદ્ધતિને જવાબદાર ઠેરવે છે.

પરિણામો કેવી રીતે પ્રકાશિત થાય છે?

વાલીઓ અને સમુદાય તેમની શાળાઓ કેવી કામગીરી કરે છે એ જાણી શકે એ માટે શાળાની સિદ્ધિના પરિણામો એક વાર્ષિક "રિપોર્ટ કાર્ડ" (મેરિલેન્ડ સ્કૂલ પર્ફોમન્સ રિપોર્ટ) માં પ્રકાશિત કરવામાં આવે છે. આ રિપોર્ટ www.msp.msde.state.md.us વેબસાઇટ પર ઉપલબ્ધ છે. બધા જ વિદ્યાર્થીઓ પ્રગતિ સાધી રહ્યા છે એની ખાતરી કરવા રાજ્ય, શાળા પદ્ધતિ, અને શાળાના પરિણામો જાત/વંશ, જાતિ, અસમર્થતા, ગરીબીનો દરજ્જો, પરદેશી વસાહતીનો દરજ્જો, અને સીમિત અંગ્રેજી કૌશલ્ય અનુસાર જણાવવામાં આવે છે. (વિદ્યાર્થીઓના વ્યક્તિગત ગુણાંકો જાહેર કરવામાં નથી આવતા. એ તમારા માટે અને તમારા બાળકના શિક્ષકો માટે જ છે.)

શું શાળાઓને પ્રગતિ સાધવા બદલ ઇનામ આપવામાં આવે છે?

જો શાળાઓ સુધરે તો કદાચ તેમને નાણાંકીય ઇનામ અને માન્યતા મળી શકે છે.

જો કોઇ શાળા સુધરે નહીં તો શું થશે?

અમુક સમયગાળામાં સુધરે નહિ એવી શાળાઓને ઓળખીને તેમનું સ્થાનિક કે રાજ્યસ્તરે પુનઃબંધારણ કરવામાં આવશે. પુનઃબંધારણ હેઠળ, શાળાઓ વધારાની સહાય અને સુધારા માટે સાધન સંપત્તિ મેળવે છે.

જો મારું બાળક ટાઇટલ I શાળામાં જતું હશે તો?

ટાઇટલ I વધુ-ગરીબ શાળાઓ માટેનો ફેડરલ કાર્યક્રમ છે. જ્યારે ટાઇટલ I શાળા રાજ્યના પર્યાપ્ત વાર્ષિક પ્રગતિના લક્ષ્યાંકો પૂરી નથી કરતી ત્યારે 'નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ' કાયદા હેઠળ વિશિષ્ટ પગલા ભરવા જરૂરી છે.

- બે લગાતાર વર્ષો સુધી લક્ષ્ય પ્રાપ્ત ન કરે તો, શાળાએ વાલીઓને એ વિસ્તારની વધુ સિદ્ધિ ધરાવતી શાળામાં તેમના બાળકોની ફેરબદલી કરવાનો પર્યાય આપવો અનિવાર્ય છે.

- લગાતાર ત્રણ વર્ષો પછી, આર્થિક રીતે ગેરલાભ ધરાવતાં વિદ્યાર્થીઓને શાળાએ ટ્યુટરીંગ જેવી વધારાની સેવાઓ પૂરી પાડવી અનિવાર્ય છે. જે વિદ્યાર્થીઓ નિઃશુલ્ક કે ઓછા ભાવે જમણ મેળવવા લાયક છે તેઓ "આર્થિક રીતે ગેરલાભ ધરાવનારા" ગણાય છે.

- લગાતાર ચાર વર્ષો પછી, શાળાએ સુધારા માટે વિશિષ્ટ પગલાં લેવા અનિવાર્ય છે. આ પગલામાં શાળાના કર્મચારીઓને બદલવા, નવો અભ્યાસક્રમ અપનાવવો, કે શાળાકીય વર્ષ વિસ્તારવાનું સામેલ છે.

- લગાતાર પાંચ વર્ષો બાદ, શાળાનું "પુનઃબંધારણ" કરવું અનિવાર્ય છે. પુનઃબંધારણમાં શાળાના કામકાજ રાજ્યના હસ્તક લઇ લેવા કે બીજા પગલાં સામેલ છે.

જો શાળાને ઉપર જણાવેલા પગલાં લેવા કહેવામાં આવે છે, કે તેનું પુનઃબંધારણ કરવાનું નક્કી કરવામાં આવે છે, તો વાલીઓને જણાવવામાં આવશે.

વાલીઓનું સામેલ થવું

વિદ્યાર્થીની સિદ્ધિમાં વાલીઓ-કુટુંબોનો સમાવેશ મોટી ભૂમિકા ભજવે છે એ જાણીને, મેરિલેન્ડ વાલીઓને સામેલ કરવાની નીતિ અપનાવી છે. મેરિલેન્ડ શાળાઓ વાલીઓ અને કાનૂની પાલકોનું શાળામાં સ્વાગત કરે છે, તેમને પ્રશ્નો પૂછવા પ્રોત્સાહન આપે છે, અને તેમને નિર્ણયો લેવામાં સામેલ કરે છે. કુટુંબો અને શિક્ષકો તમારી શાળામાં સાથે મળીને કામ કરે છે એના માટે નિમ્નલિખિત ચિહ્નો જુઓ.

શાળાઓ અને કુટુંબો નિયમિત શૈલે વાતચીત કરે છે.

- શાળાઓ કુટુંબો માટે બાળકોને ભણવામાં મદદ કરવા માટે ઉપયોગી સલાહ-સૂચનો સાપ્તાહિક સમાચારપત્રો પ્રકાશિત કરે છે.
- શાળાઓ કુટુંબો સાથે શાળામાં ઉપલબ્ધ કાર્યક્રમો વિશે માહિતીની આપ-લે કરે છે.
- વાલીઓ તેમના બાળકના શિક્ષકોને ક્યારે અને કેવી શૈલે સંપર્ક કરવો એ સમજે છે.

વાલીઓ વિદ્યાર્થીઓના ભણતરમાં અગત્યની ભૂમિકા ભજવે છે.

- શિક્ષકો વાલીઓને બાળકને ઘરકામમાં કેવી શૈલે મદદ કરવી એ સમજવામાં મદદ કરે છે
- વાલીઓ તેમના બાળકો માટેના લક્ષ્યાંકો નકકી કરવામાં સામેલ હોય છે.

વાલીઓનું શાળામાં સ્વાગત થાય છે અને તેમની સહાયની કદર થાય છે.

- શાળાઓ વાલીઓ અને કુટુંબના સભ્યોને શાળાની પ્રવૃત્તિઓમાં સામેલ થવા પ્રોત્સાહન આપે છે.
- વાલીઓ શાળામાં ભજવવાના સ્વૈચ્છિક ભાગ વિશે જાણતા હોય છે.

વાલીઓને તેમના બાળકોને અસર કરતા નિર્ણયોમાં સામેલ કરવામાં આવે છે.

- શાળા પાસે નિર્ણયો લેવા માટે અને મુશ્કેલીઓનો ઉકેલ લાવવા માટે સ્પષ્ટ પ્રક્રિયા છે.
- વાલીઓને શાળાની નીતિઓ અને વિદ્યાર્થી અને શાળાની કામગીરી વિશેની બધી માહિતી ઉપલબ્ધ છે.
- શિક્ષકો અને વહીવટકર્તાઓ વાલીઓને તેમના બાળકોને અસર કરતા નિર્ણયોમાં સામેલ થવા પ્રોત્સાહિત કરે છે (દા.ત. અભ્યાસક્રમની પસંદગી, કારકિર્દીની યોજના).
- શાળા સુધારણા માટેના જૂથમાં વાલીઓના પ્રતિનિધિઓને સામેલ કરવામાં આવે છે.

કુટુંબો અને શાળાઓ સાથે મળીને કઇ શૈલે શાળાઓ સુધારી શકે છે એ દર્શાવતા આ અમુક માર્ગો છે. તમે કદાચ તમારા બાળકના શિક્ષક કે પ્રિન્સિપાલને વધુ કઇ શૈલે સામેલ થવું એ પૂછવા ઇચ્છી શકો છે. જ્યારે કુટુંબો અને શાળાઓ સાથે મળીને કામ કરે છે, ત્યારે બધાની જ જીત થાય છે.

માધ્યમિક શાળાના દસમાંથી સાત વિદ્યાર્થીઓ કહે છે કે તેઓને તેમના વાલીઓ દ્વારા શાળાના કામકાજ અને શાળાની પ્રવૃત્તિઓમાં વધુ સામેલ થવું ગમશે.

સિદ્ધિ માટે પ્રોત્સાહન આપવું

તમે તમારું બાળક શાળા અને જીવનમાં સફળ થાય એમ ઇચ્છો છો. તેને કે તેણીને સિદ્ધિ મેળવવા પ્રોત્સાહિત કરવાના અનેક માર્ગો છે. તમારા બાળકને શાળાકાળ દરમિયાન બને તેટલી વધુ સિદ્ધિ મેળવવા મદદ કરવા માટેના અમુક માર્ગો નીચે વર્ણવવામાં આવ્યા છે:

- તમારા બાળક માટે ઉચ્ચ અપેક્ષાઓ રાખો. એ સ્પષ્ટ કરી દો કે તેના માટે શાળા સૌથી વધુ મહત્વની હોવી જોઇએ.
- તમારા બાળકની પ્રગતિ અને તમે તેના કે તેણીના સુધારા માટે શું મદદ કરી શકો છો, એ વિશે તમારા બાળકના શિક્ષક સાથે નિયમિત રીતે વાતચીત કરો.
- ઉચ્ચ શાળા માટેના અભ્યાસક્રમની પસંદગી માટે તમારા બાળકના માર્ગદર્શક સલાહકારને માધ્યમિક શાળાની શરૂઆતના ભાગમાં મળો.
- દરરોજ તમારા બાળક સાથે વાત કરવા કે સાથે મળીને વાંચવા માટે ઓછામાં ઓછી 15 મિનિટ આપો. (વાલીઓ માટેની કુટુંબની

પ્રવૃત્તિઓની ભલામણો અને રોજિંદા સલાહ-સૂચનો માટે નિમ્નલિખિત વેબસાઇટ પર *ટેક 15 ફોર ધી ફેમિલી* જુઓ,
www.marylandpublicschools.org/family_literacy/take15.htm)

- તમારા બાળકને ભણવા માટે શાંત જગ્યા આપો.
- તમારા બાળકને તેના કે તેણીના ઘરકામમાં મદદ કરો.
- તમારું બાળક શાળામાં શું કરે છે એ બાબતમાં રસ દાખવો.
- તમારા બાળકનો ટીવી જોવાનો સમય સીમિત કરો અને ટીવીમાં એ શું જુએ છે એના વિશે એની સાથે ચર્ચા કરો.
- તમારું બાળક વિડીઓ ગેમ રમવામાં કે ઇન્ટરનેટ પર કેટલો સમય વીતાવે છે એના પર ધ્યાન આપો.
- શાળાની પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક ભાગ લો અને બીજા વાલીઓને પણ ભેગા કરવા માટે કોશિશ કરો.
- તમારા બાળકને પડકારરૂપ અભ્યાસક્રમો લેવા પ્રોત્સાહિત કરો.
- જો તમારું બાળક માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શાળામાં હોય તો, તેના કે તેણીના માર્ગદર્શક સલાહકાર સાથે મુલાકાત ગોઠવો.

તમારા બાળક સાથે વાત કરવા કે સાથે મળીને વાંચવા માટે દરરોજ ઓછામાં ઓછી 15 મિનિટ આપો.

સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા

વધુ માહિતી માટે

જો તમને વિદ્યાર્થી કે શાળાની કામગીરી વિશે પ્રશ્નો પૂછવા હોય તો, તમારા બાળકના શિક્ષક, પ્રિન્સિપાલ કે માર્ગદર્શક સલાહકારને પૂછો. તમારી સ્થાનિક શાળા પદ્ધતિ માહિતી માટેનો બીજો સારો સ્ત્રોત છે. અને તમારા સાર્વજનિક વાંચનાલયને નહિ ભૂલતા! તમે વાંચનાલયના કમ્પ્યૂટરનો વેબ કનેક્ટ કરવા માટે ઉપયોગ કરી શકો છો, અને વાંચનાલયના કર્મચારીઓ તમારા સંશોધનમાં મદદ કરશે. વિદ્યાર્થીનો સિદ્ધિ અને શાળાની સુધારણા વિશે વધુ જાણવા માટે નિમ્નલિખિત સંસ્થાઓ તમને મદદ કરી શકે છે.

MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
200 West Baltimore Street
Baltimore, MD 21201
ફોન: 410-767-0600 કે 888-246-0016
ફેક્સ: 410-333-2275
TTY/TDD 410-333-3045
www.marylandpublicschools.org
વર્તમાનપત્ર માટેની ખબરે અને કાર્યક્રમની માહિતી માટે
www.mdk12.org
સૂચના, શાળા સુધારણા માટેના પૂરો, અને વધુ માહિતી માટે
www.msp.msde.state.md.us
શાળાની કામગીરીની વિગતો માટે

MARYLAND PTA
3121 St. Paul Street, Suite 25
Baltimore, MD 21218
ફોન: 410-235-7290 કે 1-800-707-7972
ફેક્સ: 410-235-0357
www.mdpta.org

U.S. DEPARTMENT OF EDUCATION
400 Maryland Avenue, SW
Washington, DC 20202
ફોન: 1-800-USA-LEARN
ફેક્સ: 202-401-0689
TTY/TDD 1-800-437-0833
www.ed.gov
સામાન્ય માહિતી માટે
www.nochildleftbehind.org
'નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ' કાયદા માટેની વધુ માહિતી માટે

MARYLAND HIGHER EDUCATION COMMISSION
કૉલેજ નાણાકીય સહાય, અને શિષ્યવૃત્તિ માટેની વધુ માહિતી માટે
839 Bestgate Road, Suite 400
Annapolis, Maryland 21401
ફોન: 410-260-4500 કે 1-800-974-0203
સામાન્ય પૂછપરછ માટે
ફોન: 410-260-4565 કે 1-800-974-1024
નાણાકીય સહાયની પૂછપરછ માટ
ફેક્સ: 410-260-3200
TTY 800-735-2258
www.mhec.state.md.us

BEST COPY AVAILABLE

અમે કેવું કાર્ય કરી રહ્યા છીએ?

સાર્વજનિક શિક્ષણ માટેના મેરિલેન્ડના ધોરણો, શાળા સુધારણાના પ્રયત્નો, અને વાલીઓ તેમના બાળકો અને શાળામાં સિદ્ધિને પ્રોત્સાહિત કરવા શું કરી શકે છે એ સમજવામાં આ પ્રકાશને તમને કેટલી મદદ કરી એ અમે જાણવા માંગીએ છીએ. કૃપા કરીને નિમ્નલિખિત પ્રશ્નોના જવાબો આપવા થોડો સમય આપો.

1. તમે આ પ્રકાશનમાં આપેલી વિગતો સમજ્યા?

__ હા __ ના __ મને અમુક ભાગો બીજા કરતાં વધુ સારા સમજાયા.

કૃપા કરીને તમારી પસંદગી સમજાવો:

2. શું અમે તમને કેવી બાબતો જોઇએ છે એ બાબતો વિશે જણાવ્યું?

__ હા __ ના __ મેં અમુક બાબતોની બીજા કરતા વધુ કાળજી લીધી.

કૃપા કરીને તમારી પસંદગી સમજાવો:

3. શું અમે દરેક વિષય માટે જોઇતા પ્રમાણમાં વિગતો આપી?

__ હા __ ના, વધુ પડતી વિગતો __ ના, પર્યાપ્ત વિગતો નહોતી.

કૃપા કરીને તમારી પસંદગી સમજાવો:

4. વધારાની ટિપ્પણીઓ

અમે કેવું કાર્ય કરી રહ્યા છીએ એ જણાવવા તમે આપેલા સમય બદલ આભાર. કૃપા કરીને આ પૃષ્ઠ કાપીને 410-333-1275 પર ફેક્સ કરો અથવા Maryland State Department of Education, School and Community Outreach Office, 200 West Baltimore Street, Baltimore, Maryland 21201-2595 સરનામા પર પોસ્ટ કરો.

મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન
માહિતી માટે વિનંતી

નિમ્ન લિખિત પ્રકાશનો **www.marylandpublicschools.org** વેબસાઈટ પર ઉપલબ્ધ છે. છાપેલી આવૃત્તિ માટે વિનંતી કરવા, કૃપા કરીને આ પત્રક વાપરો.

_____ *Maryland School Performance Report* (મેરિલેન્ડ સ્કૂલ પર્ફોમન્સ રિપોર્ટ) (રાજ્યસ્તરનો અને સ્થાનિક શાળા પદ્ધતિનો કામગીરી વિશેનો અહેવાલ)

_____ *The Fact Book* (ધી ફેક્ટ બુક) (સાર્વજનિક શિક્ષણના આંકડા)

Fact Sheets (ફેક્ટ શીટ્સ) (એક પૃષ્ઠની માહિતી ધરાવતા અહેવાલોની શૃંખલા)

_____ મેરિલેન્ડ કાઇસ્કૂલ અસેસમેન્ટ્સ

_____ બ્રીજ ટુ એકસીલન્સ ઇન પબ્લિક સ્કૂલ્સ કાયદા

_____ શાળાનું પુન: બંધારણ

_____ • *ટેસ્ટિંગ ઇન મેરિલેન્ડ:* વાલીઓ માટે મેરિલેન્ડ શાળાની આકારણી માટેની માર્ગદર્શિકા

_____ • *મેરિલેન્ડ કાઇસ્કૂલ અસેસમેન્ટ્સ:* શાળાઓના રાજ્યસ્તરના મુખ્ય નિરીક્ષકનો વાલીઓ માટેનો સંદેશા

_____ • *સિદ્ધિ સૌથી વધુ મહત્વની છે* માટેની વાલીઓ માટે માર્ગદર્શિકા (આ પ્રકાશનની વધુ પ્રતો માટેની વિનંતી કરવા)

* આ પ્રકાશન પસંદગીની વિદેશી ભાષાઓમાં ઉપલબ્ધ છે. કૃપા કરીને ઇચ્છિત વિદેશી ભાષા જણાવો.

તમારું નામ: _____

સરનામું: _____

દિવસનો ફોન: _____

અહીં પોસ્ટ કરો: The Maryland State Department of Education
School and Community Outreach Office
200 West Baltimore Street
Baltimore, Maryland 21201-2595

અથવા ફેક્સ કરો: 410-333-2275

BEST COPY AVAILABLE

U.S. Department of Education
Office of Educational Research and Improvement (OERI)
National Library of Education (NLE)
Educational Resources Information Center (ERIC)

NOTICE

Reproduction Basis

[X] This document is covered by a signed "Reproduction Release (Blanket)" form (on file within the ERIC system), encompassing all or classes of documents from its source organization and, therefore, does not require a "Specific Document" Release form.

[ ] This document is Federally-funded, or carries its own permission to reproduce, or is otherwise in the public domain and, therefore, may be reproduced by ERIC without a signed Reproduction Release form (either "Specific Document" or "Blanket").

EFF-089 (1/2003)

p2 031492